સુરત મહાનગરપાલિકા

ડ્રેનેજ વિભાગ

**<u>સુરત શહેર હદ વિસ્તારમાં ગટર સફાઈની કામગીરી સાથે સંકળાયેલ અને NSKFDC અંતર્ગત લાભ લેવા ઈચ્છિત અસંગઠિત સફાઈ કામદારોની અરજી આમંત્રિત કરતી નિવિદા</u>**

મેન્યુઅલ સ્કેવેન્જર એકટ–૨૦૧૩ અને ભારત સરકારશ્રી ધ્વારા રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ–૨૦૨૧(SSC) અંતર્ગત National Safai Karmacharis Finance & Development Corporation (NSKFDC) (જે એક સરકાર માન્ય સંસ્થા છે અને Ministry of Social Justice & Empowerment હેઠળ કાર્યરત છે) ધ્વારા વિવિધ લોન અને બિન–લોન આધારિત યોજનાઓ મારફતે સમગ્ર દેશનાં સફાઈ કર્મચારીઓ, અસંગઠિત સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના સર્વાંગી સામાજિક અને આર્થિક ઉત્થાન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તેમજ MoHUA (Ministry of Housing and Urban Affairs) ધ્વારા " NAMASTE" એટલે કે National Action for Mechanized Sanitation Ecosystem" યોજનાનું પણ અવતરણ કરવામાં આવેલ છે.જે યોજનાઓ અંતર્ગત ગટર તથા સેપ્ટીક ટેન્કની સફાઈની કામગીરી સાથે સંકળાયેલ અસંગઠિત સફાઈ કામદારો સદર યોજનાની ઉપલબ્ધ સંપુર્ણ માહિતી ( જેવી કે, યોજનાની વિગત, અરજીનો નમુનો, બાંહેધરી વિગેરે..)સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ "www.suratmunicipal.gov.in" ઉપરથી મેળવી શકે છે તથા વધુ માહિતી માટે જાહેર રજાઓ સિવાયના દિવસોમાં ઓફીસ સમય દરમ્યાન સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ,પ્રથમ માળ,જુની રાંદેર ઝોન ઓફીસ,તાડવાડી,બેજનવાલા કોમ્પલેક્ષની સામે, રાંદેર રોડ,સુરત–૩૯૫૦૦૯ ખાતે સંપર્ક કરી શકે છે. સદરહું યોજનાઓ અંતર્ગત ગટર સફાઈ માટેની મશીનરીઓથી ગટર સફાઈની કામગીરી સાથે જોડાવવા અને લોન આધારિત સહાય મેળવવા ઈચ્છતા અસંગઠિત સફાઈ કામદારોએ નીચે જણાવેલ **ચીફ એકાઉન્ટન્ટના સરનામાં ઉપર <u>તા.૨૩/૦૨/૨૦૨૪ ના સાંજના ૫:૦૦ કલાક સુધી કવર ઉપર વિષય સ્પષ્ટ લખી બંધ કવરમાં RPAD/SPEED POST /હાથો હાથ / કુરીયર/રૂબરૂ</u> અરજી મળે તે મુજબનું આયોજન કરવાનું રહેશે.**

| | |
|---|---|
| **નિયત સમયમર્યાદામાં અરજી આપવાનું સરનામું** | **"ચીફ એકાઉન્ટન્ટ,સુરત મહાનગરપાલિકા"<br>ચીફ એકાઉન્ટન્ટની કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૭** |

––––sd––––

સીટી ઈજનેર

સુરત મહાનગરપાલિકા

## NSKFDCની વિવિધ યોજનાઓ હેઠળ લોન આધારિત સહાય મેળવવા માટેની વિગતો

| | |
|---|---|
| ૧. | **કઈ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવનાર છે?** |
| | ભારત સરકારશ્રી ધ્વારા આયોજીત સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ–૨૦૨૧(SSC) અને MoHUA (Ministry of Housing and Urban Affairs) ધ્વારા " NAMASTE" એટલે કે National Action for Mechanized Sanitation Ecosystem અંતર્ગત National Safai Karmacharis Finance & Development Corporation (NSKFDC)ની સ્વચ્છતા ઉદ્યમી યોજના (SUY) તથા સેલ્ફ એમ્પ્લોયમેન્ટ સ્કીમ ફોર રીહેબીલીટેશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ (SRMS) યોજનાઓ હેઠળ અસંગઠિત સફાઈ કામદારોને લોન આધારિત સહાય આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| ૨. | **કોન અરજી કરી શકે છે?**<br>સદરહું યોજનાઓ હેઠળ લોન આધારિત સહાય મેળવવા<br>(૧) નામદાર સુપ્રિમ કોર્ટની રીટ પીટીશન નં.૫૮૩ /૨૦૦૩ અન્વયેના તા.૨૭/૦૩/૨૦૧૪ના ચુકાદામાં જણાવેલ યાદી મુજબના સુરત શહેરમાં ગટર સફાઈ દરમ્યાન મુત્યુ પામેલ કામદારોના કાયદેસરના વારસદારો તથા<br>(૨) ગટરની મેન્યુઅલ સફાઈની કામગીરી સાથે જોડાયેલ હોય તેવા સુરત શહેરના અસંગઠિત સફાઈ કામદારો અરજી કરી શકે છે. |
| ૩. | **સદરહું યોજનાની ટુંકી વિગત** |
| | ભારત સરકારશ્રી ધ્વારા આયોજીત સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ–૨૦૨૧(SSC) અને MoHUA (Ministry of Housing and Urban Affairs) ધ્વારા " NAMASTE" એટલે કે National Action for Mechanized Sanitation Ecosystem અંતર્ગત National Safai Karmacharis Finance & Development Corporation (NSKFDC)ની સ્વચ્છતા ઉદ્યમી યોજના (SUY) તથા સેલ્ફ એમ્પ્લોયમેન્ટ સ્કીમ ફોર રીહેબીલીટેશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ (SRMS) યોજનાઓ હેઠળ અરજદાર ગટર સફાઈની કામગીરી માટેની વિવિધ મશીનરીઓ ઓછા વ્યાજ દરે લોનથી મેળવી શકે છે. જે કાર્યવાહીમાં સુરત મહાનગરપાલિકા મદદરૂપ રહેશે.સદરહું લોનના માસિક હપ્તા લોન મેળવનાર ઈસમે નીતી નિયમ મુજબ ભરવાના રહેશે.<br>(૨) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતી વિવિધ ગટર સફાઈની કામગીરીઓની સોંપણી સક્ષમ સત્તાની મંજુરીથી સદરહું યોજના હેઠળ જોડાવા ઈચ્છતા ઈસમો/ અસંગઠિત સફાઈ કામદારોને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવશે.<br>( NSKFDCની સ્વચ્છતા ઉદ્યમી યોજના (SUY) અનેસેલ્ફ એમ્પ્લોયમેન્ટ સ્કીમ ફોર રીહેબીલીટેશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ (SRMS)ની માર્ગદર્શીકા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ "www.suratmunicipal.gov.in" ઉપર "SWACCHTA UDHYAMI YOJNA" અને" Self Employment Scheme For Rehabilitation of Manual Scavengers " નામથી ઉપલબ્ધ છે.) |
| ૪. | રસ ધરાવતા અરજદારો વધુ વિગતો માટે સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ ખાતે જાહેર રજાઓ સિવાયના દિવસોમાં ઓફીસ સમય દરમ્યાન સંપર્ક કરી શકે છે.. |
| ૫. | લોન મેળવનાર ઈસમે બિડાણમાં સામેલ ફોર્મેટ મુજબની બાંહેધરીના ખરડામાં સહી કરી સુરત મહાનગરપાલિકામાં અરજી સાથે ફરજીયાત રજુ કરવાની રહેશે. |
| ૬. | લોન લેનાર ઈસમે ગટર સફાઈ માટેની મશીનરીઓની પસંદગી સુરત મહાનગરપાલિકાના પરામર્શમાં રહીને કરવાની રહેશે.<br>**સુરત મહાનગરપાલિકા ગટર સફાઈની કામગીરી વિવિધ પ્રકારની મશીનરીઓનો ઉપયોગ કરતી હોય છે. તે પ્રકારની મશીનરીની ખરીદી અને કરેલ કામગીરીના ભાવો સક્ષમ સત્તાની મંજુરીને આધીન રહેશે. જેની ખાસ નોંધ લેવી.** |
| ૭. | સદરહું યોજના હેઠળ જોડાવા ઈચ્છતા ઈસમો/ અસંગઠિત સફાઈ કામદાર/અરજદારને સુરત મહાનગરપાલિકામાં ચાલતી પ્રણાલી મુજબ કરારનામું કરવાનું રહેશે. |

**રજુ કરવા જોગ પુરાવાઓની યાદીઃ–(તમામ પુરાવાઓની ફરજીયાત ખરી નકલ રજુ કરવાની રહેશે )**

| | |
|---|---|
| ૧. | સંપુર્ણ વિગતો સહિતની અરજી (નમુનો આ સાથે સામેલ છે. ) |
| ૨. | ઓળખાનના પુરાવાઓ |
| ૩. | બે તાજેતરના પાસપોર્ટ સાઈઝના કલર ફોટોગ્રાફસ |
| ૪. | સામેલ ફોર્મેટ મુજબની બાંહેધરીનો સહી કરેલ ખરડો |
| ૫. | જો કોઈ સોસાયટી/ ખાનગી મિલ્કતોમાં ગટર સફાઈની કામગીરી કરેલ હોય તો તેની નકલ (પ્રમાણ પત્ર) |
| ૬. | જાતીનું પ્રમાણપત્ર/ દાખલાની નકલ |
| ૭. | આવકનો દાખલો |

**માહિતી મેળવવાનું સરનામુંઃ–**

ડ્રેનેજ વિભાગ, પ્રથમ માળ,જુની રાંદેર ઝોન ઓફીસ,તાડવાડી, બેજનવાલા કોમ્પલેક્ષની સામે, રાંદેર રોડ,સુરત–૩૯૫૦૦૯

**નિયત સમયમર્યાદામાં અરજી કરવા માટેનું સરનામું**

ચીફ એકાઉન્ટન્ટશ્રી, ચીફ એકાઉન્ટન્ટની કચેરી,સુરત મહાનગરપાલિકા ,મુગલીસરા,સુરત–૩૯૫૦૦૭

**<u>NSKFDCની વિવિધ યોજનાઓ હેઠળ લોન આધારિત સહાય મેળવવા માટેની અરજીનો નમુનો</u>**

પ્રતિ,
કાર્યપાલક ઈજનેર, ડ્રેનેજ વિભાગ,
પહેલો માળ, જુની રાંદેર(વેસ્ટ)ઝોન ઓફિસ,
બેજનવાલા કોમ્પલેક્ષની સામે,
તાડવાડી ચાર રસ્તા, રાંદેર, રોડ, સુરત

વિષયઃ–NSKFDCની વિવિધ યોજનાઓ હેઠળ લોન આધારિત સહાય મેળવવા માટેની અરજી.

**મે.સાહેબશ્રી,**

હું,નામે..........................................................................રહેવાસી.........................................................................................................................................................................................................................................................................................................................................પોતે/મારા પિતા/ માતા/ અન્ય સંબંધી ............... સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આશરે ........... વર્ષ થી ગટર સફાઈની કામગીરી સાથે જોડાયેલ છું/હતા. હાલ સુરત મહાનગરપાલિકાની તા................. ની નિવિદાની વિગતે હું NSKFDCની વિવિધ યોજનાઓ હેઠળ લોન આધારિત સહાય મેળવવા તથા મશીનરીથી ગટર સફાઈની કામગીરી સાથે જોડાવવા ઈચ્છુક છું. જેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા સુચવ્યા મુજબની વિગતો / પુરાવાઓ / કાગળો સહિતની અરજી કરુ છું. જે અન્વયે આગળ માર્ગદર્શન આપવા તથા મારી અરજી સ્વીકારવા વિનંતી. હું આથી જાહેર કરૂ છું કે, અરજી સાથે મારા દવારા રજુ કરવામાં આવેલ તમામ વિગતો/પુરાવાઓ સાચા છે અને સદરહું યોજનાની સંપુર્ણ હકિકતો જાણીને જ હું આ અરજી રજુ કરૂ છું. મારી અરજીને અનુસંધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા લેવામાં આવેલ નિર્ણય મને માન્ય રહેશે.

<table>
<tr><td>૧</td><td>અરજદારનું નામઃ<br>(લોન મેળવનાર વ્યકિત)</td><td colspan="4"></td></tr>
<tr><td>૨</td><td>જાતિ(સ્ત્રી/પુરૂષ)</td><td colspan="4"></td></tr>
<tr><td>૩</td><td>અરજદારની ઉંમર</td><td colspan="4"></td></tr>
<tr><td rowspan="7">૪</td><td rowspan="7">અરજદારના આશ્રિતોની વિગત</td><td rowspan="7">કુલ સંખ્યા</td><td>ક્રમ</td><td>**નામ**</td><td>**સંબંધ**</td></tr>
<tr><td>૧</td><td></td><td></td></tr>
<tr><td>૨</td><td></td><td></td></tr>
<tr><td>૩</td><td></td><td></td></tr>
<tr><td>૪</td><td></td><td></td></tr>
<tr><td>૫</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td></td><td></td></tr>
<tr><td>૫</td><td>અરજદારનું કાયમી સરનામું</td><td colspan="4"></td></tr>
<tr><td>૬</td><td>અરજદારનું હાલનું સરનામું</td><td colspan="4"></td></tr>
<tr><td>૭</td><td>આધારકાર્ડ નંબર અને તેની એક નકલ</td><td colspan="4"></td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૮ | ગટર સફાઈની કામગીરીનો અનુભવ અને તેની લગતી વિગતો | |
| ૯ | માસિક આવક (રૂપિયામાં દર્શાવવી) | |
| ૧૦ | અરજદારનો મોબાઈલ નંબર તથા<br>અન્ય એક મોબાઈલ નંબર | |
| ૧૧ | બેન્ક એકાઉન્ટની વિગતો | |

<u>અરજદારની સહી</u>

નોંધઃ–

૧) ઉપરોકત અરજીમાં જણાવેલ તમામ વિગતો સારા અક્ષરમાં છેકછાક વગર ભરવાની રહેશે.

૨) ઉપરોકત અરજીની કાર્યવાહી સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની મંજુરીને આધિન રહેશે.

*****

<u>બાંહેધરીનો ખરડો</u>

આથી હું નીચે સહી કરનાર બાંહેધરી આપં છું કે, મારુ નામ......................................... છે અને મારૂ રહેઠાણ...............................................................................................ખાતે છે. હું સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગટર/ સેપ્ટીટેન્ક સફાઈ/ કચરો ઉચકવાની કામગીરી કરું છુ. સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત લોન મેળા દરમ્યાન મને NSKFDC, (National Safai Karamcharis Finance & Devlopment Corporation) મારફત વિવિધ યોજનાઓ હેઠળ અમારા જેવા અસંગઠિત સફાઈ કામદારોને આપવામાં આવતી વિવિધ સહાય માટેની સ્કીમોની સમજણ આપવામાં આવેલ છે.જેના અનુસંધાને હું હાલ NSKFDC ની.................................સ્કીમ હેઠળ GEM Protal ઉપરથી/ અન્ય એજન્સીઓ પાસેથી ડ્રેનેજ સફાઈને લગતી મારા તરફથી.........................................કંપની/ એજન્સી પાસેથી તા..............ના રોજ ..................નામની મશીનરીની કિમત રૂા. ............................./–દર્શાવતું કવોટેશન મેળવેલ છે. સદરહું મેળવેલ કવોટેશનની વેલીડીટી તા................સુધીની છે. આ મશીનરી ખરીદવા માટે હું લોન મેળવવા ઈચ્છા ધરાવું છું.

જેના અનુસંધાને હું આથી જાહેર કરુ છું મને આ પ્રકરણ અન્વયે તમામ સમજણ આપવામાં આવેલ છે, અને હું સદરહું લોનની જે કઈ માસિક હપ્તાની રકમ (EMI) ભરવાપાત્ર હશે તે હું સમયસર બેંકમાં જમાં કરાવીશ. સદરહું લોન અન્વયેના માસિક હપ્તાની રકમ (EMI) મારા સુરત મહાનગરપાલિકા (ULB) હેઠળ કરેલ કામગીરીના નાણા માંથી વસુલવામાં આવે તેમાં મારી સંમતિ છે. ઉપરોકત નાણાંકીય સહાય/લોન પુરેપુરી તેની શરતો મુજબ ભરપાઈ કરવાની સંપુર્ણ જવાબદારી હું બાંહેધરી આપનાર/લોન લેનાર પોતાની છે. લોન ભરપાઈ કરવા બાબતે સુરત મહાનગરપાલિકાની તેમજ તેના અધિકારીની કોઈ જવાબદારી નથી. જો EMI ભરપાઈ કરવામાં ચુક થાય તો સુરત મહાનગરપાલિકા અથવા NSKFDC અથવા જે તે બેન્ક ધ્વારા હાથ ધરવામાં આવનાર તમામ કાર્યવાહી/કાયદાકીય પગલા માટે ફકત ને ફકત મારી જવાબદારી રહેશે. તેમજ મારા હસ્તકના સુરત મહાનગરપાલિકા તથા અન્ય જગ્યાએ ચાલતા કામો માંથી જો સદરહું લોન પેટેની રકમ વસુલવામાં આવે તો હું વાંધો લઈશ નહી.

અરજદારનું નામ

અરજદારનું સરનામું

આધારકાર્ડ

મો. નં.

અરજદારની સહી

**નોંધઃ–** સદરહું બાંહેધરી અરજી સાથે સહી કરી આપવાની રહેશે. ત્યારબાદ નિયત કરેલ સ્ટેમ્પ પેપર પર સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ જે તે વખતે રૂ. ૩૦૦/– ના નોન–જયુડીશીયલ સ્ટેમ્પ પેપર પર કરાવવા હું બંધનકર્તા છું.

*****